# દલીલપુર ગામે ધાડપાડુ સમજીને પાગલને ગ્રામજનોના ટોળાએ ઢોર માર માર્યો

## પાગલ યુવાન મોડાસાની હોસ્પિટલમાં અધમરી હાલતમાં

મોડાસા, તા. ૧૪

મોડાસા નજીકના દલીલપુર ગામે ધાડપાડુ ટોળકીની અફવાઓ વચ્ચે ઉગ્ર બનેલા ટોળાએ માનસિક રીતે બિમાર યુવાનને ઢોરમાર મારી અધમરો કરી દીધો હતો. ગંભીર રીતે ઘવાયેલ પાગલ યુવાનને બેભાન હાલતમાં મોડાસા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

ઉત્તર ગુજરાતના પ્રાંતિજ તલોદ અને અરવલ્લી જિલ્લાના કેટલાક ગ્રામ્યવિસ્તારોમાં હજુ પણ ધાડપાડુ ટોળકી, ચોર લુંટારૂ ટોળકીની અફવાઓ કેટલોક લોકો ફેલાવી રહ્યાં છે. અને વારંવાર નિર્દોષ ગ્રામજનોને ડરાવી ઉજાગરા કરાવી રહ્યા છે. અને મજા લઈ રહ્યા છે. તાજેતરમાં જ અફવા ફેલાવનાર ૪ ઈસમો સામે ધનસુરા પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. તેમ છતાં આજે આવી જ ધાડપાડુ ટોળકુ ત્રાટકી હોવાની ભ્રામક અફવાઓ વચ્ચે દલીલપુર ગામે એક પાગલ યુવાનને ગ્રામજનોના ટોળાએ ઢોર માર માર્યો હતો.

આ ઘટનાની વિગત એવી છે કે ધનસુરા નજીકના દલીલપુર ગામે માનસિક રીતે બિમાર પાગલ જેવો દેખાતો ૨૫-૨૬ વર્ષીય યુવાન કેટલીક કારના કાચ તોડી રહ્યો હતો ત્યારે 'હે ગામમાં ધાડપાડુ ટોળકી ત્રાટકી છે' જેવી બુમો વચ્ચે ગ્રામજનોના ટોળેટોળા હથિયારો અને લાકડીઓ લઈ આવ્યા હતા અને પાગલ યુવાનને ઘેરી લઈ લાકડી અને ધોકાવડે ઢોર માર મારી અધમરો કરી નાખ્યો હતો. ઉગ્ર બનેલુ ટોળુ બેકાબુ બની જતા પાગલને ગંભીર ઈજાઓ થવા પામી હતી અને ૧૦૮ મારફતે પાગલને મોડાસા સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં યુવાનની હાલત નાજૂક છે. આ યુવાનનું નામ ઠેકાણુ જાણી શકાયું નથી. આ મામલે ધનસુરા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.



ખેડબ્રહ્માના રાધાકૃષ્ણ મંદિરમાં અધિક અષાઢ માસમાં ચાલતી ભાગવત કથામાં મંગળવારે ગોવર્ધન ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ પૂજાનો ધર્મ લાભ અંબાલાલ ત્રિલોકચંદ સોની પરિવારે લીધો હતો.
(તસવીર : રમેશ વૈષ્ણવ)

# મોડાસામાં ઉલટી ગંગા વિદેશી ભક્તોએ હિન્દુ ધર્મનો પ્રચાર કર્યો

## મોડાસામાં રથયાત્રાની સમજ આપવા વિદેશી ભક્તોએ મોડાસાની શેરીએ-શેરીએ રથયાત્રાનું મહત્વ ઉજાગર કર્યું

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં યોજાનાર ૩૩મી રથયાત્રાની તૈયારીઓ પુરજોસમાં ચાલી રહી છે. ત્યારે મોડાસા શહેરમાં મયપર (વેસ્ટ કલકત્તા) ના ભક્તજનો દ્વારા મોડાસા શહેરમાં રથયાત્રાનું મહત્વ સમજાવવા ૬ વિદેશી ભક્તોએ મોડાસા શહેરના મોહલ્લા-શેરીઓ-સોસાયટીઓમાં પત્રિકા વિતરણ કરી મંત્રોચ્ચારનો સતત ઉચ્ચારણ કરતા કરતા રથયાત્રાનું મહત્વ સમજાવતા જોવા મળ્યા હતા. વિદેશીઓને હિન્દુ ધર્મનો પ્રચાર કરતા જોવા મોડાસા શહેરના પ્રજાજનો ઉમટી પડ્યા હતા.

મોડાસા શહેરમાં છેલ્લા કેટલાય દિવસથી ૩૩મી રથયાત્રાની તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે. ત્યારે પહેલા મુસ્લિમ ભાઈઓ સાથે રમઝાન માસ નિમિત્તે સદભાવના સંદેશ સાથે ઈફતાર પાર્ટીનું આયોજન જિલ્લા પોલીસ વિભાગ અને મુસ્લિમ બિરાદરો સાથે રથયાત્રા સમિતિ દ્વારા ઈફતાર પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુસ્લિમ ભાઈઓ સાથે શાંતિ સમિતિની બેઠક, રથયાત્રાનું મહત્વના બેનર સાથે જાહેર પત્રિકા વિતરણ કરી રથયાત્રાની ભવ્ય તૈયારીઓ ચાલી રહી છે. ત્યારે સોનામાં સુગંધ ભળે તેમ વિદેશથી આવેલા ઈસ્કોન મંદિરના ભક્તો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર ભજન કિર્તન સાથે પત્રિકા વિતરણ બજાર અને શેરીઓમાં ફરી ફરીને ભગવાન જગન્નાથ વિશે લોકોને સમજાવી રથયાત્રાનું મહત્વ અને રથયાત્રામાં સહભાગી થવા શહેરીજનોને અપીલ કરતા વિદેશી ભક્તો સંજાયાપ્રભુ (રશીયા), યુલસ્થરા પ્રાણ પ્રભુ (યુક્રેન), અચીંત્યાનીતાઈ પ્રભુ (ચીલી, અમેરીકા, કાલીંદીપ્રીયા દેવદાસ (રશીયા), ઓજશ્વીની રાધીકા દેવદાસી (સાઉથ અમેરીકા), પ્રપયોજના દેવદાસી (કોલંબીયા), હરી દેવદાસ (રસીયા) અને શહેરીજનો જોડાયા હતા.



રથયાત્રા સમિતિના પ્રમુખ નિલેષભાઈ જોષીએ જણાવ્યું હતું કે આ વિદેશી ભક્તો સાથેની શેરીયાત્રા સતત ત્રણ દિવસ સુધી મોડાસા શહેરના તમામ વિસ્તારોમાં ફરશે અને રથયાત્રાનું મહત્વ મોડાસાના ઘરે ઘરે પહોંચાડવામાં આવશે. આ યાત્રામાં ઈસ્કોન મોડાસાના મનુભાઈ શાહ, અનિલભાઈ પટેલ, ભાનુભાઈ પટેલ તેમજ રથયાત્રા સમિતિના ઉપપ્રમુખ રમેશ કડીયા, મંત્રી ભરત ભાવસાર, દિલીપ ભાવસાર, વાડીલાલ કડીયા, જયેશભાઈ ભાવસાર, નવનીત પરીખ, નયનાબેન પરીખ, જગદીશભાઈ પટેલ (જાયન્ટસ ઉપપ્રમુખ), વિનોદભાઈ પટેલ તેમજ મોટા પ્રમાણમાં ભક્તજનો જોડાયા હતા. મોડાસા શહેરના નગરજનો ભગવાન જગન્નાથની રથયાત્રાના દર્શન કરવા આતુર બન્યા છે.

## માળી પીપળી ગામે ગળે ફાંસો ખાઈ મહિલાએ જીવન સંકેલ્યું

ખેડબ્રહ્મા તાલુકાના માળી પીપળી ગામે એક મહિલાએ ગળે ફાંસો ખાઈ શનિવારે જીવન સંકેલી લીધુંહતું. માળી પીપળી ગામના કુસુમબેન રમેશભાઈ ખેર ઉ.વ.૨૮ના એ કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ જીવન સંકેલી લીધુંહતું. જે અંગે શિવાભાઈ હવાભાઈ ખોખરીયાએ ખેડબ્રહ્મા પોલીસને જાણ કરતાં પોલીસે ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં પી.એમ. કરાવી અકસ્માતે મોતનો ગુન્હો નોંધાવ્યો હતો જે અંગે વધુ તપાસ પી.એસ.આઈ. એલ.બી. બોડાણા કરી રહ્યા છે.

## ઈડર તાલુકાના દિયોલીના દલિત વૃધ્ધાની હત્યા સંદર્ભે હિંમતનગરમાં સભા યોજાઈ

ઈડર તાલુકાના દિયોલી ગામે જમીનના ઝગડામાં એક દલિત સમાજના વૃધ્ધાની હત્યા થતા દલિત સમાજમાં ભયની લાગણી પ્રસરી છે. જેના ભાગરૂપે મંગળવારે હિંમતનગરના આંબેડકર ભવન ખાતે દલિત સેનાના નેજા હેઠળ શ્રધ્ધાંજલિ સભાનું આયોજન કરાયું હતું.

દલિતસેનાના અગ્રણી દર્શનભાઈ મકવાણા, અશોકભાઈ પરમાર, ગોવિંદભાઈ મકવાણા, દેવજીભાઈ રાઠોડ સહિત અન્ય લોકોના જણાવ્યા અનુસાર છેલ્લા કેટલાક સમયથી માથાભારે ઈસમો તેમની ધાક જમાવવા માટે ખાસ કરીને દલિત સમાજ પર હુમલા કરે છે. જેના ભાગરૂપે થોડાક દિવસ અગાઉ ઈડર તાલુકાના દિયોલી ગામના દલિત સમાજના વૃધ્ધા પર જીવલેણ હુમલો કરી તેમની હત્યા કરાઈ હતી. જે સંદર્ભે મંગળવારે હિંમતનગરના આંબેડકર હોલમાં દલિત સમાજની બેઠક યોજાઈ હતી. જેમાં મૃતકને શ્રધ્ધાંજલિ આપ્યા બાદ દલિતોના રક્ષણ માટે આગામી દિવસોમાં કલેક્ટરને રેલી કાઢી આવેદન પત્ર આપવાનું નક્કી કરાયુ હતું. આ બેઠકમાં પ્રાંતિજ, ઈડર, ખેડબ્રહ્મા સહિતના અન્ય તાલુકાઓમાંથી દલિત સમાજના અગ્રણીઓ ઉપસ્થિત હતા.

# ગામના ત્રણ શખ્સો ઉપરાંત ઈલોલના તત્કાલીન તલાટી કમ મંત્રી વિરુદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૧૪

હિંમતનગર તાલુકાના કાનડા ગામના ખેડૂત સાથે ગામના જ ત્રણ શખ્સો અને ઈલોલના તત્કાલીન તલાટીના મેળાપીપણાથી ૧૫ માર્ચ ૧૯૯૦ અગાઉ કાવતરૂં રચી મિલકત પચાવી પાડવાના કૌભાંડનો ૨૫ વર્ષ બાદ પર્દાફાશ થયો છે. ખેડૂતે પોતાની મિલકત પચાવવાનો કારસો રચનાર કાનડાના ત્રણ શખ્સો ઉપરાંત ૧૯૯૦ માં ઈલોલ ખાતે ફરજ બજાવનાર તલાટી વિરૂધ્ધ સોમવારે હિંમતનગરના ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ચારેય જણા વિરૂધ્ધ મામલો દર્જ કરી તપાસનો દોર શરૂ કર્યો છે.

મિલકત પચાવવાના કાવતરાનો પર્દાફાશ કરતી ઘટના અંગે પ્રાપ્ત વિગત અનુસાર કાનડા ગામે રહેતા કેશરીસિંહ કોદરસિંહ ઝાલાની ખાતા નં. ૫૩૮ માં ૩ એકર ૨૧ ગુંઠા જમીન આવેલી છે. કાનડા ગામના જગતસિંહ દિપસિંહ ઝાલા, મ/સિંહ તલસિંહ મકવાણા, ભીખુસિંહ વરવુસિંહ મકવાણા અને વર્ષ ૧૯૯૦ માં ઈલોલ ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા તલાટી કમ મંત્રીએ એક બીજાના મેળાપીપણાથી મિલકત પચાવી પાડવા કારસો ઘડ્યો હતો.

હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. કે.એચ.બિહોલાએ જણાવ્યું હતું કે આ જમીન કેશરસિંહ ઝાલાની હોવા છતાં કાનડાના જગતસિંહ દિપસિંહ ઝાલાએ પોતાના નામ વારસાઈ પેઢીનામામાં દાખલ કરાવી વહેંચણીની એન્ટ્રી પડાવવા તે સમયે અરજી આપી હતી. અને તે સમયે થયેલા પંચનામામાં કાનડાના મૂળસિંહ તલસિંહ મકવાણા અને ભીખુસિંહ વરવુસિંહ મકવાણાએ સાક્ષી તરીકે સહીઓ કરી કેશરીસિંહ ઝાલાના વડીલો સને ૧૯૭૧ માં મૃત્યુ પામ્યા હોવા છતાં ૧૯૯૦ માં બનાવેલા પેઢીનામામાં એકબીજાના મેળાપીપણાથી સંમતિમાં ખોટા અંગુઠા કરાવ્યા હતા.

વર્ષ ૧૯૯૦ માં ઈલોલ ગ્રામ પંચાયતમાં ફરજ બજાવનાર તલાટીએ પણ આ પ્રકરણમાં સરકારી નોકરીયાત હોવા છતાંય ખોટું રેકર્ડ બનાવી અને સરકારી રેકર્ડનો દૂરઉપયોગ કરી તેને સાચા તરીકે રજુ કરવામાં મદદગારી કરી હતી. અને અંતે મિલકત પચાવી પાડવાના કાવતરાનો પર્દાફાશ થઈ જતા કાનડાના ખેડૂત કેશરીસિંહ ઝાલાએ સોમવારે હિંમતનગરના ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં કાનડાના ત્રણ અને ઈલોલના તત્કાલીન તલાટી વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દર્જ કરી તપાસ ગ્રામ્ય પી.એસ.આઈ. કે.એમ.બિહોલાએ હાથ ધરી છે.

# હિંમતનગર નગરપાલિકાના વોર્ડ સીમાંકનની સુનાવણી દરમિયાન બેઠકોમાં ફેરફાર કરવા રજૂઆત

હિંમતનગર, તા. ૧૪

હિંમતનગર નગરપાલિકાના નવા જાહેર કરાયેલ વોર્ડ સીમાંકનમાં ફેરફાર કરવા માટે મંગળવારે ગાંધીનગર ખાતે હાથ ધરાયેલી સુનાવણીમાં વિવિધ રાજકીય પક્ષના અગ્રણીઓએ વોર્ડ તથા બેઠકોના પ્રકારમાં ફેરફાર કરવા રજુઆત કરી હતી. સુનાવણી દરમ્યાન કલેક્ટર, અધિક કલેકટર સહિત ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ અંગેની વિગત એવી છે કે આગામી દિવસોમાં હિંમતનગર નગરપાલિકાની મૂદત પૂર્ણ થતા ચૂંટણીઓના પડઘમ વાગી રહ્યા છે. ત્યારે રાજય ચૂંટણી પંચ દ્વારા નવા વોર્ડ સીમાંકનના જાહેરનામા અંગે વિવિધ રાજકીય પક્ષના પ્રતિનિધિઓ તથા નાગરિકો તરફથી રજુ કરવામાં આવેલા વાંધા સૂચનો અંગે મંગળવારે સુનાવણી હાથ ધરવામાં આવી હતી.

જેમાં જીલ્લા કલેકટર પી. સ્વરૂપ, અધિક કલેકટર એસ.ડી.ધાનાણી, નગરપાલિકાના ચીફ ઓફીસર પ્રણવ પારેખ સહિતના અધિકારીઓની ઉપસ્થિતિમાં રાજકીય પક્ષના પ્રતિનિધિઓએ રજુઆત કરી વોર્ડ તથા બેઠકોમાં ફેરફાર કરવાની માંગણી કરી હતી. રેલ્વે લાઈન, પોલીસ સ્ટેશન સહિતના વિવિધ મુદ્દાઓને ધ્યાનમાં રાખીને વોર્ડ રચનાનો નકશો બનાવામાં આવ્યો છે. જે સુસંગત નથી. અને ૪૫૦ થી વધુ મતદારો મતદાન કરે છે. ત્યારે તેવા બુથનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. આ અંગે ચૂંટણી વિભાગના સુત્રોના જણાવ્યા અનુસાર રાજય ચૂંટણી પંચ દ્વારા હાથ ધરવામાં આવેલી સુનાવણીમાં રજુ થયેલા વાંધા સૂચનો અંગે ચર્ચા વિચારણા બાદ વોર્ડ સીમાંકનમાં ફેરફાર કરાશે.

## હિંમતનગરની બિયારણ ઓફીસમાંથી ૩૨ હજારની મત્તા ચોરાઈ

હિંમતનગરના સ્ટેશન રોડ વિસ્તારમા પાચ બત્તી નજીક આવેલી બાદ તસ્કરો રૂ. ૩૨ હજારની કિંમતના ઈલેક્ટ્રોનીક્સ ઈન્સ્ટુમેન્ટ્સ ચોરી જતા બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં મંગળવારે ચોરીની ફરિયાદ નોંધાઈ છે. તસ્કરો ઓફિસમાંથી એલસીડી ટીવી અને લેપટોપ ચોરી ભાગી છુટ્યા છે.

## શબ્દાવલી - ૫૭૮૮

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | | ૫ |
| ૬ | | | ■ | ૭ | | ■ | |
| | ■ | ■ | ૮ | | | ૯ | ■ |
| ૧૦ | ૧૧ | ૧૨ | | ■ | ૧૩ | | ૧૪ |
| ■ | ૧૫ | | | ■ | ■ | ૧૬ | |
| ૧૭ | | | ■ | ૧૮ | ૧૯ | ■ | |
| | ■ | ■ | ૨૦ | | | ■ | |
| ૨૧ | | | | ■ | ૨૨ | | |

### આડી ચાવી

૧. પસીનો, આખા શરીરે પાણી છુટે તે (૪)
૪. અવનતિ, ખરાબગતિ (૩)
૬. એક પ્રાણી, ખરગોશ (૩)
૭. લંબાઈ, એક માપ (૨)
૮. તકરાર (૪)
૧૦. બોલથી રમાતી એક રમત (૪)
૧૩. ચરણના નિશાન (૩)
૧૫. સાપના કણા જેવડું અને જેવું સરીસૃપ (૩)
૧૬. બુરી આદત (૨)
૧૭. ચોખાના જીણા કટકા (૩)
૨૦. માટે, એટલે (૩)
૨૧. સહન કરવું (૪)
૨૨. અરજન્ટ, તુર્ત (૩)

### ઊભી ચાવી

૧. પશ્ચાતાપ (૪)
૨. પ્રવાહી, ફળોનું જ્યુસ (૨)
૩. બનારસની સાડીનો પ્રકાર (૨)
૪. પગલાનો અવાજ (૪)
૫. ... બોલ્ટ, ચાકી (૨)
૭. હુન્નર, કસબ (૨)
૮. વાચાળ (૩)
૯. કાયદેસર (૩)
૧૧. આંગણા કે જમીન પર છાણ માટીનો લેપ કરે તે (૩)
૧૨. બોડી (તુચ્છકારમાં) (૩)
૧૪. એકબીજાને લાતોના પ્રહાર કરવા તે (૫)
૧૭. તલપાપડી (પલપલીયા)નું વૃક્ષ (૩)
૧૮. પત્ર, કાગળ (૨)
૧૯. પાછું, કમબેક (૩)
૨૦. ખોરાક લેવો (૨)

### શબ્દાવલી ૫૭૮૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) ખટરાગ (૪) દફન (૬) ટચ (૭) ગલીયારી (૮) લોકી (૯) યાન (૧૧) ચૂંગી (૧૩) દખ (૧૫) કબીર (૧૭) ડગળી (૧૮) દીવાકર (૨૧) પરાયુ (૨૨) જસ (૨૩) સગપણ (૨૪) બથ

**ઊભી ચાવી :-** (૧) ખટલો (૨) ટચકીયું (૩) ગગનચુંબી (૪) દયા (૫) ફરિયાદ (૧૦) નખપાર (૧૨) ગીરદી (૧૪) કડપ (૧૫) કળીયુગ (૧૭) ગરાસ (૧૯) વાજ (૨૦) કસબ

# રાહત પેકેજ અસરગ્રસ્તોની મશ્કરી સમાન છે : કોંગ્રેસ

અમદાવાદ, તા.૧૪

અતિવૃષ્ટિમાં ભોગ બનેલા પરિવારોનુ પુનઃસ્થાન અને અતિવૃષ્ટિમાં ભોગ બનેલા હજારો પરિવારો માટે રાજય સરકાર દ્વારા જાહેર કરવામાં રાહત પેકેજ અસરગ્રસ્તોની મજાક સમાન હોવાની પ્રતિક્રિયા આપતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, લાખો ખેડુતોની તમામ જમીન નષ્ટ પામી છે. હજારો નાના-મોટા વેપારીઓના ધંધા-રોજગાર સંપૂર્ણ પણે નષ્ટ થયા છે. હજારો પરિવારોના મકાનો નાશ થયા છે. દસ હજાર કરતાં વધુ પશુઓના મોત થાય છે. હજારો પરિવારોના મકાનો નાશ થયા છે. દસ હજાર કરતાં વધુ પશુઓના મોત થયા છે. ત્યારે રાજય સરકારે લાંબા સમય સુધી દેખાડો કરીને એકદમ નજીવી રકમ અસરગ્રસ્તો માટે ફાળવી છે. હકીકતમાં તો, આ રાહત પેકેજ રકમ કોંગ્રેસ પક્ષના અસરગ્રસ્તોને સાથે રાખીને કરેલ આંદોલનના કારણે જાહેર કરવામાં ફરજ પડી હોય તેમ જણાય છે. રાજયમાં ભારે વરસાદના કારણે ખાસ કરીન અમરેલી, ગીર-સોમનાથ, જુનાગઢ, રોજકોટ, જીલ્લાના અમુક તાલુકાઓ અને ભરૂચ વડોદરા, વલસાડ, સુરત સહિતમાં મોટા પાયે નુકસાન સાથે તારાજી થઈ છે. ખેતીમાં હજારો એકર જમીન સંપૂર્ણ પણે ધોવાઈ ગઈ છે. અમરેલ, કુકવાવ, બગસરા, લાઠી, બાબરા વિસ્તારના નદી કાંઠાના તમામ રહીશો અને ખેડુતોની જમીન સંપૂર્ણ પણે ધોવાઈ થઈને નાશ પામી છે. સૌરાષ્ટ્રના અતિવૃષ્ટિમાં ભોગ બનેલા પુરગ્રસ્ત વિસ્તારના ખેડુતોની પુરની ધોવાઈ ગયેલ જમીનો લેવલીંગ કરી તેમાં માટી ભરવા માટે સંપૂર્ણ માફ કરવું જોઈએ. પણ રાજય સરકારે કોઈ પણ પ્રકારના વાસ્તવિક સર્વે કાર્ય વિના રકમ ફાળવી દીધી હોય તે વ્યાજબી નથી. ગ્રામ્ય વિસ્તારમાં ઢોર અને પશુઓના મોટા પાયે મોત થયા છે અને જે ઢોર બચી ગયા છે તેમના માટે ઘાસચારાના મોટો પ્રશ્ન છે.

# કેફે કોફી ડેએ તેના બર્થડેની ઉજવણી કરી

અમદાવાદ, તા. ૧૪

કેફે આઉટલેટ્સની સંખ્યાની દષ્ટિએ સૌથી વિશાળ શૃંખલા અને દેશમાં યુવાનો માટે અગ્રતાનું ભેગા થવાનું સ્થળ તરીકે નામના મેળવનાર કેફે કોફઈ ડે (સીસીડી) આ મહિનામાં મુખ્ય સિદ્ધિ સર કરી છે. બ્રાન્ડ ૧૯ વર્ષ પૂર્ણ કર્યા તેની ખુશીમાં તેના બર્થડેની ઉજવણીના ભાગરૂપ આ દેશના યુવાનો અને હૃદયથી યુવાનો માટે ઘણાં બધાં આકર્ષણો લઈને આવી છે. સીસીડી રોજબરોજ સ્પર્શે એવા તેના ગ્રાહકોને રોમાંચિત કરવા માટે અજોડ પ્રવૃત્તિઓનું આયોજન આ અવસરે કરશે.

૧૯મા બર્થડેની ઉજવણીના ભાગરૂપ સીસીડીએ તેના મહેમાનો માટે સરપ્રાઈઝનું આયોજન કર્યું છે. ગ્રાહકો આ સમયગાળામાં ફ્રીબીઝ અને ડિસ્કાઉન્ટસ જીતી શકશે અને એક ભાગ્યશાળી વિજેતાને મેગા બમ્પર ઈનામ પણ મળશે.

૧૧ જુલાઈ, ૨૦૧૫ના રોજ સીસીડીનો બર્થડે હતો. આ નિમિત્તે એક પખવાડિયા સુધી તે દરેક ગ્રાહકોનું જે પણ બિલ થાય તેની સામે ગિફ્ટ બેક કરશે. જે તેઓ આગામી વાર સીસીડીમાં આવે ત્યારે વટાવી શકશે. ગ્રાહકોને તેઓ ઓર્ડર આપે ત્યારે કેફેના સ્ટાફ દ્વારા વિનંતી પર આપેલા નંબર ઉપર એસએમએસ મારફત તેમની ઓફર પ્રાપ્ત થશે. ગ્રાહકો તેમનું બિલ પંચ કરતા તેમને ઓફરની એમકુપન પ્રાપ્ત થશે. આ ઓફરમાં બિલ પર ૧૯ ટકા છૂટ, ફ્રી ડેવિલ્સ ઓન, ફ્રી કેપુસિનો, કોઈ પણ બેવરેજ રૂ. ૧૯માં અને ઘણાં બધાં આફરોનો સમાવેશ થાય છે. એક ભાગ્યશાળી ગ્રાહકને ભવ્ય ઈનામ જીતવાનો મોકો મળશે. જેમાં કર્ણાટક સ્થિત ધ સેરાઈમાં કોફી ડે ના લકઝરી રિસોર્ટમાં સંપૂર્ણ ખર્ચ ચૂકવેલું વેકેશન તે વિતાવી શકશે.

## સહાય પેકેજ

● અનુસંધાન પહેલાનું ચાલુ

તાજેતરમાં જૂન માસમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત વિસ્તારોમાં અચાનક ભારે વરસાદ થતાં પૂરની સ્થિતિ સર્જાઈ અને ૧૪ જેટલા જિલ્લામાંઓમાં ખેતીવાડીને નુકશાન થયું તથા અમરેલી સહિત પાંચ જિલ્લામાં જમીન ધોવાણ થતા પણ ફળદ્રુપ જમીનને નુકશાન થયું છે.

મુખ્યમંત્રીશ્રીએ આ અતિવૃષ્ટિની સ્થિતિમાં રાજયના વરિષ્ઠ મંત્રીશ્રીઓને જુદા જુદા જિલ્લાઓમાં અસરગ્રસ્તોને મદદરૂપ થવા તે જ દિવસે મોકલી આપ્યા અને લાખો નાગરિકોની બચાવ-રાહત કામગીરી હાથ ધરી હતી. તેમણે ભારે વરસાદને કારણે પીવાનું પાણી, વિજળી, આરોગ્ય, માર્ગ-મકાનની જે સેવાઓ ખોરવાઈ ગઈ હતી તેને બે જ દિવસમાં પૂર્વવત કરી અસરગ્રસ્તોને કેશડોલ્સ, ઘરવખરી સહાય, માનવમૃત્યુ સહાય, પશુમૃત્યુ સહાય તથા મકાન સહાય ચૂકવવાની કામગીરી ઝડપથી પૂર્ણ કરી છે.

આ ભારે વરસાદને કારણે રાજયમાં દોઢ લાખ હેકટરમાં સવા લાખ કરતા વધુ ખેડૂતોને નાનું-મોટું નુકશાન અને વિપરીત અસર થઈ હતી. તેનો નુકશાની સર્વે પણ ખૂબજ ટૂંકા સમયમાં સરકાર દ્વારા પૂર્ણ કરવામાં આવ્યો છે.

અસરગ્રસ્ત ખેડૂતો, નાગરિકો, પશુપાલકો, વેપારીઓ, નાના ઘોગકારો વગેરેને ભારત સરકારના કેલેમિટી રિલીફ ફંડ સીઆરએફના ધોરણો -માણે બધાને મદદ મળતી ન હોવા છતાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે બધા અસરગ્રસ્તોને જરૂર પડે રાજય સરકારના બજેટમાંથી પણ ઉદારતાપૂર્વક સહાય માટે ચાર વરિષ્ઠ મંત્રીશ્રીઓની સમિતિની રચના કરી હતી.

## નવુ સિમાંકન

● અનુસંધાન પહેલાનું ચાલુ

જેટલા ભૌગોલિક કલ્સ્ટર બનાવી નવુ સીમાંકન તૈયાર કરાયું છે. જેમાં ચાર બેઠકો મહિલા ડિરેકટરો માટે અનામત રહેશે.

જિલ્લામાં હાલ ૩૨ મહિલા દૂધ ઉત્પાદક મંડળીઓ કાર્યરત છે. આ બધી જ મંડળીઓ અલગ અલગ કલસ્ટરમાં વહેંચાઈ જતી હોવાથી જંગ રોચક બનશે તેમ મનાઈ રહ્યું છે.

મધુર ડેરીના વર્તમાન બોર્ડની મુદત ૧૧ ઓગષ્ટ ના રોજ પૂર્ણ થઈ રહી છે અને વડી અદાલતે તે પહેલાં બધી જ કાર્યવાહી સંપન્ન કરી દેવા માટેની તાકીદ કરેલી છે તે પણ ઉલ્લેખનીય છે એટલે હવે આ સીમાંકન જાહેર થયા બાદ તુરત જ ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાશે તેમ મનાય છે.

મધુર ડેરીના વર્તમાન બોર્ડ ઓફ ડિરેકટર્સ દ્વારા અનેક વિધ નવીન યોજનાઓ અમલી બનાવાઈ છે તેમજ શૈક્ષણિક સંકુલનો પણ પ્રારંભ કર્યો છે જે ઉલ્લેખનીય છે.

## સહસ્યમય મૃત્યુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પતિએ સવારે ઉઠીને જોયેલા બંને મૃતદેહ અંગે પોલીસને જાણ કરતાં સે-૨૧ સિની. પી.આઈ. બી.એ. ચાવડા તેમની ટીમ સાથે પહોંચી ગયા હતા અને એફએસએલ અધિકારી જી.પી. દરબારને પણ ઘટના સ્થળ પર બોલાવી લઈ વૈજ્ઞાનિક ઢબે તપાસ શરુ કરી દેવાઈ હતી. પ્રાથમિક તપાસમાં ગાયત્રીબાએ પંખે દોરી બાંધીને આપઘાત કરી લીધો હોવાની શકયતા વર્તાઈ રહી છે. માત્ર તેણીના ગળામાં દોરીના પડેલા બે નિશાન અંગે શંકા જતાં તે દિશામાં તપાસ શરુ કરાઈ છે અને પેનલ ડોકટરથી પી.એમ. કરાવીને ઝીણવટભરી તપાસ શરુ કરાઈ છે. તો બીજી તરફ ૪ વર્ષની બાળકી નવ્યાની હત્યા કરવામાં આવી છે તે હત્યા માતાએ આપઘાત કરતા પહેલા કરી કે શું? તે અંગે પોલીસે તપાસ આરંભી છે. મૃતક ગાયત્રીબાના પરિવારજનોનો આક્ષેપ હતો તે તેણીના પતિએ અગાઉ પણ ગાયત્રીબાને બાળી નાંખવાનો પ્રયત્ન કર્યો હતો અને આ પણ હત્યા જ છે તે દિશામાં પણ તપાસ પી.આઈ. ચાવડાએ શરુ કરી છે. એફએસએલ અધિકારીએ બનાવ સ્થળેથી ચાદર, દોરી, મોબાઈલ, તકીયો અને લાદી પર પડેલા લોહીના ટીપામાંથી લોહીનું સેમ્પલ લઈ પરીક્ષક કામગીરી શરુ કરી છે.

**Tender Notice No. – 31**
**Project implementation Unit, Gandhinagar (Health & Family Welfare Dept.)**
**NOTICE INVITING EXPRESSION OF INTEREST**
**From Firm of Chartered Accountant (Registered)**

Project Implementation Unit (PIU) has been assigned the extensive task of Implementation of Healthcare Project & allied Infrastructure Development facilities appurtenant therewith in the State of Gujarat

Interested Chartered Accountants with the office at Gandhinagar only, & having certificate of Registration / Incorporation since 2010-11, are invited to participate in tendering for the work of maintenance of Accounts of the PIU.

**Schedule :** Issuing Tender from : Dt. 10-7-2015 with the payment of tender fees of Rs. 1,000/-. Last Date of issuing tender Dt. : 20-7-2015. The Applicant firm shall have to submit a copy of registration of their office in Gandhinagar as per ICAI records (Web site print out will be accepted. Last Date of receipt of the bid Dt. 27-7-2015. Date of opening of Technical Bid on Dt. 28-7-2015, **Note :** Sealed cover, addressed to as above and sent by Post under R.P.A.D. / SPEED POST only must reach on or before above last date of submission.

Professionally proficient Chartered Accountants (Registered) are invited to submit their tender to : **The Chief Engineer, Project Implementation Unit**, P.G. Hostel, Civil Hospital Campus, Sector-12, Gandhinagar, Gujarat, Tel : (079) 23231434, 23231393, Fax : (079) 23231995, Email : piusec10@yahoo.com

**INF/918/2015-16**